યુ.કે., સર્બિયા, લાતવિયા અને અર્મેનિયાના વર્ક પરમિટ તથા બોગસ ઇ-વિઝા આપી શિક્ષિકા સહિત ૧૫થી વધુ લોકોને ઠગ્યા

આણંદમાં વિદેશ મોકલવાના બહાને દંપતીનું ૭૭.૮૦ લાખનું મહાકૌભાંડ

આણંદ શહેરના 'ક્રિષ્ના ઓવરસીસ'ના સંચાલક શાહ દંપતી સહિત ૩ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ શહેરની ગોપાલ ચોકડી પાસે આવેલા નાવલીવાલા બિલ્ડીંગમાં 'ક્રિષ્ના ઓવરસીસ કન્સલ્ટન્સી' નામે ઓફિસ ખોલી વિદેશ જવા ઈચ્છુક નિર્દોષ નાગરિકોને વર્ક પરમિટ અને વિઝા અપાવવાની લાલચ આપી રૂ. ૭૭.૮૦ લાખની માતબર રકમની ઠગાઈ આચરવાનું એક મોટું વિઝા રેકેટ સામે આવ્યું છે. આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પેટલાદના સુણાવ ગામના શિક્ષિકા કુંદનબેન પટેલની ફરિયાદના આધારે એજન્સીના સંચાલક હાર્દિક હસમુખભાઈ શાહ, તેમની પત્ની અંકિતા હાર્દિક શાહ અને ભાગીદાર નંદકુમાર ઉકાણી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ અંગે પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, સુણાવના કુંદનબેન યોગેશભાઈ પટેલ (ઉ.વ. ૩૭) શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. તેમને તથા તેમના પરિવારને યુ.કે. અને યુરોપના દેશોમાં મોકલવાની ખાતરી આપી શાહ દંપતિ સહિત 3 શખસે જુદા જુદા તબક્કે લાખો રૂપિયા મેળવી લીધા હતા. બાદમાં યુ.કે.ની કંપનીનો માસિક ૮૧ હજાર રૂપિયાનો બોગસ જોઈનિંગ લેટર અને એગ્રીમેન્ટ પણ આપ્યો હતો. પરંતુ બાદમાં યુદ્ધનું બહાનું કાઢી સર્બિયા અને લાતવિયાના વિઝા આપવાના નામે વધુ નાણાં પડાવી લીધા હતા.

આ ઉપરાંત હાર્દિક શાહ અને અંકિતા શાહે કુંદનબહેન ઉપરાંત અન્ય લોકોને બોગસ ઈ-વિઝા તથા સ્ટેમ્પિંગ વગરના કાગળો આપી નાણાં પરત આપવા માટે વાયદા કર્યા હતા. સમય વિતવા છતાં વિઝા કે નાણાં પરત ન મળતાં આખરે આ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આણંદ ટાઉન પોલીસ સ્ટેશને આ અંગે હાર્દિક હસમુખભાઈ શાહ, અંકિતા હાર્દિક શાહ અને નંદકુમાર ઉકાણી સામે વિવિધ કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.. પોલીસ તપાસમાં આ ઠગ ટોળકી દ્વારા અન્ય લોકો સાથે પણ આવી છેતરપિંડી આચરવામાં આવી છે કે કેમ ? તે અંગે વધુ ખુલાસા થવાની શક્યતા છે.

અનેક વિદેશવાંચ્છુ ફસાયા

આણંદ શહેરના હાર્દિક શાહ અને અંકિતા શાહે વિઝા કન્સલ્ટન્સીની ઓફિસ ખોળી અનેક વિદેશ વાંચ્છુ સાથે છેતરપિંડી આચરી છે. આ છેતરપિંડીમાં આણંદ શહેર ઉપરાંત જિલ્લાના વિદેશ વાંચ્છુઓનો પણ સમાવેશ થાય છે. કેટલાક કિસ્સામાં આખા પરિવારને વિદેશ મોકલવાના બહાને લાખો રૂપિયા પડાવ્યાં છે. આ અંગે શહેર પોલીસે તપાસ હાથ ધરી છે. પરંતુ સઘન તપાસ થાય તો આ આંકડો હજુ કોરડોમાં પહોંચી શકે છે. આણંદ શહેર - જિલ્લામાં વિદેશ વાંચ્છુ સાથેના છેતરપિંડીના કિસ્સા અગાઉ પણ પોલીસ ચોપડે ચડ્યાં છે.

શાહુકારો માટે ૧૫ દિવસમાં હિસાબી પત્રકો રજૂ કરવા ફરજિયાત

આણંદમાં હિસાબો રજૂ ન કરતાં ૪૧૮ શાહુકારને શો-કોઝ નોટિસ

નાણાં ધીરધાર કરતા પરવાનાધારકો માટે ઓડિટ તથા ઓનલાઇન ડેટા એન્ટ્રી ફરજિયાત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ જિલ્લામાં નાણાં ધીરધારનો વ્યવસાય કરતા તમામ પરવાના ધારકો માટે વર્ષમાં એકવાર ઓડિટ કરાવવું તથા હિસાબી પત્રકો જમા કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા આ અંગે તમામ શાહુકારોને કડક સૂચના આપવામાં આવી છે. આમ છતાં હિસાબો રજુ ન કરતાં 418 શાહુકારને નોટિસ ફટકારવામાં આવી છે.

આણંદ જિલ્લામાં ૫૦ લાખથી ઓછું ધિરાણ ધરાવતા શાહુકારોએ છેલ્લા પાંચ વર્ષના નાણાં ધીરધારને લગતા હિસાબી પત્રકો, આવક-જાવક અને કુલ ટર્નઓવરની વિગતો આગામી ૧૫ દિવસમાં જિલ્લા રજિસ્ટ્રારની કચેરી ખાતે અચૂક રજૂ કરવાની રહેશે. જો ધંધાનું ટર્નઓવર શૂન્ય હોય તો પણ 'નીલ' પત્રકો જમા કરાવવાના રહેશે. નિર્ધારિત સમયમાં હિસાબી પત્રકો રજૂ ન કરનાર સામે અધિનિયમની કલમ ૧૫(૧) હેઠળ પરવાનો રદ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

વહીવટી તંત્ર દ્વારા ઓનલાઈન પારદર્શિતા પર ભાર મૂકતા જણાવાયું છે કે, દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં લેવડ-દેવડની વિગતો, લોન આપ્યાની તથા પાકવાની તારીખ, વ્યાજનો દર અને જામીનગીરી જેવી માહિતિ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે, તેમજ દેણદારને વાર્ષિક હિસાબનું પત્રક (ફોર્મ-૧૫) આપવું અનિવાર્ય છે.

ઓનલાઈન પત્રકો અપલોડ ન કરનાર કે દેણદારોને હિસાબ પૂરો ન પાડનાર આણંદ તાલુકાના ૨૦૭, ઉમરેઠના ૬૪, ખંભાતના ૬૬, પેટલાદના ૩૧, બોરસદના ૨૯, આંકલાવના ૮, તારાપુરના ૮ અને સોજીત્રાના ૫ મળીને કુલ ૪૧૮ પરવાનાધારકોને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

નડિયાદના દેવચંકલા જૈન દેરાસરમાં ભગવાન અજિતનાથનો દિવ્ય શ્રૃંગાર



જૈન ધર્મનું સૌથી પવિત્ર અને આત્મશુદ્ધિનું પર્વ પર્યુષણ મહાપર્વ પ્રારંભ થઈ ચૂક્યું છે. આ પ્રસંગે નડિયાદના દેવચંકલા પાસે આવેલ જૈન દેરાસરમાં વિશેષ આરાધના થઈ રહી છે. દેરાસરમાં ભગવાન અજિતનાથને સુંદર આંગી દ્વારા દિવ્ય શ્રૃંગાર કરવામાં આવ્યો છે. પ્રભુના આ મનોરમ્ય શ્રૃંગાર દર્શનથી શ્રદ્ધાળુઓ પરમ શાંતિ અને ભક્તિનો અનુભવ કરી રહ્યા છે. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

શહેરના એનએસ પટેલ સર્કલ અને પોલસન ડેરી રોડ પર એસ્ટેટ વિભાગનો સપાટો

આણંદ શહેરના મુખ્ય માર્ગો પરથી દબાણો દૂર કરવા મેગા ડ્રાઈવ યોજાઈ

કરમસદ - આણંદ મનપાએ ૫ લારીઓ, ૨ પાંજરા અને ૨ બાંકડા જપ્ત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

કરમસદ-આણંદ મનપા દ્વારા શહેરના જાહેર માર્ગો અને ગીચ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા તેમજ જનતાની સુવિધા અર્થે મહત્વપૂર્ણ દબાણ વિરોધી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. મનપાના એસ્ટેટ વિભાગની ટીમે શહેરના વ્યસ્ત ગણાતા NS પટેલ સર્કલ તથા પોલસન ડેરી રોડ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી જાહેર માર્ગો અને ફૂટપાથ પરથી અનધિકૃત દબાણો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કર્યા હતા.

આણંદ શહેરમાં લાંબા સમયથી આ વિસ્તારોમાં અનધિકૃત દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો મળી રહી હતી. જેને ધ્યાને રાખીને એસ્ટેટ વિભાગ દ્વારા કાયદેસરની પ્રક્રિયા અનુસરીને કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં સ્થળ પરથી કુલ ૫ લારીઓ, ૨ પાંજરા અને ૨ બાંકડા સહિતના અન્ય અવરોધરૂપ સાધનો જપ્ત કરવામાં આવ્યા છે.

આ અંગે મનપા તંત્રના જણાવ્યા અનુસાર, જાહેર માર્ગો પરના દબાણો હટાવી સમગ્ર વિસ્તારમાં સુવ્યવસ્થિત અને સ્વચ્છ વાતાવરણ ઊભું કરવું એ મનપાની પ્રાથમિકતા છે. નાગરિકોને વાહનવ્યવહાર અને અવરજવરમાં સુગમતા રહે તે માટે આગામી સમયમાં પણ આવી કાર્યવાહી નિયમિતપણે ચાલુ રખાશે. આ સાથે જ શહેરમાં સ્વચ્છતા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા મનપાના તંત્ર દ્વારા નગરજનોને અનુરોધ કરાયો છે.

આણંદ શહેરમાં તહેવારો આવતાં જ વેપારીઓએ દુકાનો બહાર મંડપ બાંધી ફુટપાથ પર કબજો કર્યો છે. તેમાં પગલાં ભરવા માગ ઉઠી છે.

આણંદ પાસે નહેરમાં કાર ખાબકી, ચાલકનો બચાવ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ નજીક મોગર-વડોદમાંથી પસાર થતી નહેરમાં મોડી રાત્રે કાર ખાબકી હતી. જોકે, આ કારના ચાલકનો બચાવ થયો હતો. આ અંગે કરમસદ-આણંદ ફાયર સર્વિસને રાત્રે ૯ વાગે કોલ મળતા જ ટીમ ઈમરજન્સી વિહિકલ સાથે ઘટનાસ્થળે હતી.

કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસના કન્ટ્રોલ રૂમમાં ૦૯મીની રાત્રે મોગર-વડોદ પાસેથી પસાર થતી મોટી નહેરમાં એક કાર ખાબકી હોવાનો ઈમરજન્સી કોલ મળ્યો હતો. કોલ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી નહેરમાં પડેલી ગાડીમાં શોધખોળ હાથ ધરી હતી, જેમાં કોઈ વ્યક્તિ મળી આવી ન હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. વાસદ પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. જ્યારે ફાયરમેન સહિતની ટીમ ઈમરજન્સી રેસ્ક્યૂ વિહિકલ સાથે તુરંત જ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે નહેરમાં પડેલી ગાડીમાં સઘન શોધખોળ કરી હતી, પરંતુ ગાડીમાંથી કોઈ વ્યક્તિ મળી આવી ન હતી. આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી.

ગ્રાહકની કાર રૂ. ૬.૨૫ લાખમાં અન્ય વ્યક્તિને વેચી દીધી

નડિયાદમાં શો રૂમના મેનેજરે ૬.૭૬ લાખની છેતરપિંડી કરી

ઊંચા ભાવે કાર વેચી આપવાની લાલચ આપી ઠગાઇ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

નડિયાદ શહેરમાં આવેલા એક ગાડીના શોરૂમના મેનેજરે કારના માલિકને ઊંચા ભાવે કાર વેચાવી આપવાની ખાતરી આપી, કાર મેળવી લીધા બાદ મૂળ માલિકને નાણાં ચૂકવ્યા વગર તથા બેંકની લોન ભરી આપ્યા વિના છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

નડિયાદના ઉત્તરસંડા રોડ પર આવેલી નંદનબાગ સોસાયટીમાં રહેતા ધનેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલે વર્ષ ૨૦૨૩માં બેંક લોન પર મારૂતિ સુઝુકી કંપનીની કાર ખરીદી હતી. આ કાર વેચવા માટે તેઓ નડિયાદમાં કોકરાણ મંદિર સામે આવેલા ગાડીના શોરૂમમાં ગયા હતા. જ્યાં તેમનો સંપર્ક શોરૂમમાં મેનેજર તરીકે નોકરી કરતા રાજન રમેશચંદ્ર જોષી (રહે. ઓમ ગ્લોરિયા એપાર્ટમેન્ટ, પીપલગ રોડ, નડિયાદ) સાથે થયો હતો.

રાજન જોષીએ કાર ઊંચા ભાવે વેચાવી આપવાની લાલચ આપી કાર પોતાની પાસે રાખી લીધી હતી અને કાર રૂ. ૬.૫૦ લાખમાં વેચવાનું નક્કી કર્યું હતું. તે સમયે કાર પર રૂ. ૬,૭૬,૧૪૫ ની બેંક લોન બાકી હોવાથી, કાર વેચાયા બાદ મળનારી રકમમાંથી બેંક લોન ક્લિયર કરાવી આપવાની ખાતરી રાજને આપી હતી. બાદમાં ગ્રાહક આવ્યો હોવાનું કહીને રાજન કાર લઈ ગયો હતો. ધનેન્દ્રભાઈએ અવારનવાર નાણાં અંગે પૂછપરછ કરતા તે જુદા જુદા બહાના બતાવતો હતો.

જોકે, પાછળથી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, રાજન જોષીએ આ કાર આણંદના લાંભવેલ રોડ વિસ્તારમાં રહેતા નિરવ રમેશભાઈ પટેલને રૂ. ૬.૨૫ લાખ માં વેચી દીધી હતી. આ કાર વેચી દીધી હોવા છતાં રાજને મૂળ માલિકને રૂપિયા આપ્યા નહોતા કે બેંકની લોન પણ ભરપાઈ કરી નહોતી. સમગ્ર મામલે છેતરપિંડીનો ભોગ બનેલા ધનેન્દ્રભાઈ પટેલે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાજન રમેશચંદ્ર જોષી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ શહેરમાં યુવક પર ત્રણ શખ્સોનો હુમલો

જૂની અદાવતમાં રસ્તામાં આંતરી ફેંટો તથા લાકડાના ડંડા વડે માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

નડિયાદના પાંચ હાટડી વિસ્તારમાં પોલીસ ફરિયાદના મુદ્દે રોષે ભરાયેલા શખ્સોએ એક ૧૮ વર્ષીય યુવકને રસ્તામાં આંતરીને માર માર્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે.

નડિયાદના મરીડા રોડ સ્થિત સુલતાનપાર્ક સોસાયટીમાં રહેતા ફેજાન ફિરોઝભાઈ વાંકાવાળા (ઉંમર ૧૮ વર્ષ) ગત તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે નડિયાદ મોટી શાકમાર્કેટમાંથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન પાંચહાટડી ખાતે આવેલી જવેરલાલની ગલી પાસે મીઠો મસાલો લેવા ઉભા હતા ત્યારે અરબાઝ ઉર્ફે બટાકી તથા તેની સાથે બે અજાણ્યા ઈસમો ત્યાં આવ્યા હતા.

અરબાઝ ઉર્ફે બટાકીએ ફેઝાનના પિતા દ્વારા ફરકાન વાંકાવાળા વિરુદ્ધ કરાયેલી પોલીસ ફરિયાદ અંગે તકરાર કરી ઝઘડો કર્યો હતો. બાદમાં તેની સાથે આવેલા બે અજાણ્યા શખ્સોએ યુવકને અચાનક પાછળથી પકડી લીધો હતો. અરબાઝ ઉર્ફે બટાકીએ ફેઝાનના મોઢા અને આંખના ભાગે ફેંટોનો માર મારી નખ વડે ઈજાઓ પહોંચાડી હતી તથા પાછળથી એક અજાણ્યા શખ્સે લાકડાના ડંડાથી માર માર્યો હતો. હુમલો કર્યા બાદ ત્રણેય શખ્સો યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. આ બનાવ અંગે ફેજાન વાંકાવાળાએ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અરબાઝ ઉર્ફે બટાકી તથા બે અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધ્યો છે.

કપડવંજ તાલુકાના કાવઠ ગામમાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

૬૨ વર્ષીય વૃદ્ધા અમદાવાદની હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૦

કપડવંજ તાલુકાના કાવઠ ગામના એક ૬૨ વર્ષીય મહિલામાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો જોવા મળતાં તેમને તાત્કાલિક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ બનાવને પગલે તાલુકા આરોગ્ય તંત્ર દ્વારા કાવઠ ગામમાં તાકીદે સર્વે અને આરોગ્ય વિષયક સલામતીના પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજ તાલુકાના કાવઠ ગામના ૬૨ વર્ષિય મહિલાને શંકાસ્પદ સ્વાઈન ફ્લુની અસર જણાતાં તેમને અમદાવાદના નરોડા ખાતે આવેલી ઋગ્વેદ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. આ મામલે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. અંકુરભાઈ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત વિસ્તાર તેમજ સમગ્ર ગામમાં સર્વેની સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શંકાસ્પદ દર્દીના કુટુંબીજનો હાલ સંપૂર્ણપણે સ્વસ્થ છે, તેમ છતાં સાવચેતીના ભાગરૂપે તેમની જરૂરી તબીબી તપાસ કરીને યોગ્ય સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ગામમાં અન્ય કોઈ લોકોમાં સંક્રમણ ન ફેલાય તે માટે આરોગ્યની સલામતીના તમામ જરૂરી તકેદારીના પગલાં ભરાઈ રહ્યા છે.

પશુઓમાં રોગની વહેલી ઓળખથી લઈ બટાકાના સ્માર્ટ ઉત્પાદન માટે સ્ટાર્ટઅપ્સ

૨૭૮ અરજીમાંથી પસંદ થયેલા ઉદ્યમીઓને વૈજ્ઞાનિકો અને ખેડૂત આગેવાનોનું સીધું માર્ગદર્શન

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

દેશભરના કૃષિ અને ડેરી ક્ષેત્રને ટેક્નોલોજીથી સજ્જ કરવાના એક વિશિષ્ટ રાષ્ટ્રીય પ્રકલ્પ હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટીની સેક્શન-૮ કંપની 'એઆઈસી આણંદ ફાઉન્ડેશન' દ્વારા સાત દિવસીય 'એગ્રી-ફૂડ સ્ટાર્ટઅપ સીડ કેમ્પ'નું સફળ આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાના ભાગરૂપ આ કેમ્પમાં દેશભરમાંથી આવેલી ૨૭૮ અરજીઓમાંથી માત્ર ૨૯ અતિ મહત્ત્વના સ્ટાર્ટઅપ્સના ૪૫ ઉદ્યમીઓની પસંદગી કરીને જોડવામાં આવ્યા હતા.

આ સીડ કેમ્પની સૌથી મોટી વિશેષતા એ રહી કે સ્ટાર્ટઅપ સંચાલકોને થિયરી જ્ઞાનની સાથે સીધા જ ૧૧ ખેડૂત ઉત્પાદક સંગઠનોના આગેવાનો સાથે

સંવાદ કરાવવામાં આવ્યો હતો. આના કારણે ઉદ્યમીઓએ ખેડૂતોની વાસ્તવિક જમીની પરિસ્થિતિ અને ખેતી ક્ષેત્રના પડકારોને અત્યંત નજીકથી સમજ્યા હતા. આ ઉપરાંત, યુનિવર્સિટીના ૧૨થી વધુ વૈજ્ઞાનિકો અને ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી કોલેજના ડીન ડૉ. સમિત દત્તા સહિતના વિવિધ વિભાગીય વડાઓએ સ્ટાર્ટઅપ્સને તેમની ટેક્નોલોજી અને ઉત્પાદનોમાં આવતા પડકારોને દૂર કરવા માટે વ્યક્તિગત રીતે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં સામેલ થયેલા કેટલાક અગ્રણી સ્ટાર્ટઅપ્સ ખેતી અને ડેરી ઉદ્યોગની વર્ષો જૂની સમસ્યાઓનો પણ સ્માર્ટ ઉકેલ લાવ્યાં છે.

કૃષિ અને પશુપાલનની સમસ્યાઓના આધુનિક ડિજિટલ ઉકેલો

- 'પોટેટો ઇન્ટેલ': બટાકા ઉત્પાદક ખેડૂતોને ખેતી અંગે વધુ સારા નિર્ણયો લેવામાં મદદ કરવા ટેક્નોલોજી અને ડેટા આધારિત સચોટ માહિતી પૂરી પાડે છે.
- 'મુરોપણ': ડેરી પશુપાલકો માટે અત્યંત ચિંતાજનક એવા મસ્ટાઇટિસ (આંચળનો સોજો) રોગની પશુઓમાં વહેલી ઓળખ કરવામાં મદદ કરે છે.
- 'ટમી એન્ડ મમ્મી': ઘરગથ્થું ખાદ્ય ઉત્પાદનો બનાવતી મહિલાઓને તેમના ઉત્પાદનોની ગુણવત્તા પ્રમાણિત કરી, તેનું સીધું ઓનલાઈન વેચાણ કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225